# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯-A તા.૩૦-૪-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ગુજરાત ગૌરવ દિન નિમિત્તે યોજાનાર સ્પર્ધાઓ અંગે વિદ્યાર્થીઓને જાણ કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦/૨૫૮૨-૨૬૬૮ તા.૩૦-૦૪-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે ૧ મે ગુજરાત સ્થાપના દિન નિમિત્તે દર વર્ષે ઉલ્લાસપૂર્ણ ઉજવણી કરી આપણે ગુજરાતી હોવાનું ગૌરવ પ્રાપ્ત કરીએ છીએ. ચાલુ વર્ષ કોવીડ-૧૯ની મહામારીને કારણે વિદ્યાર્થીઓ ઘરે બેસી ગુજરાત ગૌરવ દિનની ઉજવણી કરે તે માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્રની સૂચનાઓ અને માર્ગદર્શન મુજબ વધુને વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તેવું આયોજન ગોઠવવુ.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૩૦-૦૪-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨/૧, સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. ૦૭૯-૨૩૨૫૩૯૭૩-૭૮, ઇ-મેઇલ dpegbranch@gmail.com

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦/૨૫૮૨-૨૬૬૮

તા. ૩૦/૦૪/૨૦૨૦

પ્રતિ ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી,
  નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ

વિષયઃ ગુજરાત ગૌરવદિન નિમિત્તે યોજાનાર સ્પર્ધાઓ અંગે વિદ્યાર્થીઓને જાણ કરવા બાબત.
સંદર્ભઃ- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી સાથે તા.૩૦/૦૪/૨૦૨૦ના રોજ બેઠકમાં થયેલ ચર્ચા

ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનું કે ૧લી મે ગુજરાત સ્થાપના દિન નિમિત્તે દર વર્ષે ઉલ્લાસપૂર્વક ઉજવણી કરી આપણે ગુજરાત ગૌરવદિનને ઉજવીએ છીએ અને ગુજરાતી હોવાનું ગૌરવ પ્રાપ્ત કરીએ છીએ. પરંતુ અત્યારની Covid-19ની પરિસ્થિતિને કારણે વિદ્યાર્થીઓ પોતાના ઘરે બેસીને સ્પર્ધાઓમાં ભાગ લઇ ગુજરાત ગૌરવદિનની ઉજવણી કરે તેવો નિર્ણય કરવામાં આવે છે. આથી નીચે મુજબનું આયોજન કરવામાં આવે છે. સદર સ્પર્ધામાં રાજ્યની તમામ પ્રકારની શાળાઓના વિદ્યાર્થી ભાગ લઇ શકશે.

(૧) ધોરણ ૩ થી ૮ (પ્રાથમિક) અને ધોરણ ૯ થી ૧૨ (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) એમ બે વિભાગોમાં સ્પર્ધાઓ યોજવાની રહેશે.
(૨) બંને વિભાગોમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને કાવ્યલેખનની સ્પર્ધા યોજાશે.
(૩) "ગુજરાતના કોરોના વોરીયર્સ" એ વિષય ઉપર ચિત્ર, કાવ્ય કે નિબંધ તૈયાર કરવાનો રહેશે. જે વિદ્યાર્થીએ જાતે કૃતિ તૈયાર કરવાની રહેશે.
(૪) વિદ્યાર્થીએ તા.૦૧/૦૫/૨૦૨૦ થી તા.૧૦/૦૫/૨૦૨૦ સુધીમાં પોતાની રીતે તૈયાર કરેલ કૃતિ પોતે જે

જિલ્લામાં અભ્યાસ કરતા હોય તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીને ઇમેઇલથી મોકલી આપવાની રહેશે. અથવા ટપાલથી પણ પોતાની કૃતિ મોકલી શકશે.

(૫) આ માટે ઇમેઇલ એડ્રેસ રાજ્યકક્ષાએથી તૈયાર કરી દરેક જિલ્લાને આપવામાં આવશે. તેની જાણ વિદ્યાર્થીઓને કરવાની રહેશે.

(૬) એક વિદ્યાર્થી વધુમાં વધુ બે સ્પર્ધામાં ભાગ લઇ શકશે.

(૭) આ રીતે તૈયાર કરેલ કૃતિ સ્પર્ધકોએ પ્રથમ ઇમેઇલથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને મોકલવાની રહેશે, ત્યારબાદ ટપાલથી પોતે જે જિલ્લાની શાળામાં અભ્યાસ કરતા હોય તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીને તા.૧૫/૦૫/૨૦૨૦ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. જેઓ એ માત્ર ટપાલથી કૃતિ મોકલી હોય તેઓએ ઇમેઇલ કરવાની જરૂરી રહેશે નહી.

(૮) આ રીતે ટપાલમાં કૃતિ મોકલવામાં આવે ત્યારે તે કવર પર "ગુજરાત ગૌરવ દિન ____ સ્પર્ધા" એમ અવશ્ય લખવું અને કૃતિ સાથે નીચેની વિગતો સુવાચ્ય અક્ષરે અવશ્ય પણે લખવાની રહેશે.

I. સ્પર્ધકનું નામ
II. વિભાગઃ પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
III. અભ્યાસ કરતા હોય તે શાળાનું નામ અને સરનામું
IV. શાળાનો ડાયસકોડ
V. વાલીનું ઇમેઇલ એડ્રેસ
VI. વાલીનો મોબાઇલ નંબર

(૯) દરેક વિદ્યાર્થી પોતાની જાતે અને મૌલિક રીતે કૃતિ તૈયાર કરે તે અપેક્ષિત અને ઇચ્છનીય છે.

(૧૦) આવી રીતે આવેલ કૃતિઓ દરેક જિલ્લા શિક્ષણાધિકારીએ પોતાના જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને મૂલ્યાંકન માટે મોકલી આપવાની રહેશે. કોઇ વિદ્યાર્થીએ ઇમેઇલથી કૃતિ મોકલી હોય પરંતુ ટપાલથી કૃતિ મળેલ ન હોય તો તેવા વિદ્યાર્થીની ઇમેઇલથી મળેલ કૃતિની પ્રિન્ટઆઉટ મેળવી મૂલ્યાંકન માટે મોકલી આપવાની રહેશે.

(૧૧) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ચિત્ર, કાવ્ય લેખન અને નિબંધ લેખન સ્પર્ધાના જિલ્લાના નિષ્ણાંત શિક્ષકોની દરેક સ્પર્ધા માટે ત્રણની નિર્ણાયક સમિતિ બનાવવાની રહેશે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ત્રણેય સમિતિના કન્વીનર તરીકે કામગીરી કરશે.

(૧૨) આ નિર્ણાયક સમિતિએ પ્રાથમિક વિભાગ ધોરણ ૩ થી ૮ માં ત્રણેય સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વીતીય અને તૃતિય ક્રમ પસંદ કરવાના રહેશે. તથા ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ પૈકી ત્રણેય સ્પર્ધાઓ માટે પ્રથમ, દ્વીતીય અને તૃતીય ક્રમ પસંદ કરવાના રહેશે. જેનું પરિણામપત્રક કૃતિઓની નકલ સાથે નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી.ને તા.૨૫/૦૫/૨૦૨૦ સુધીમાં મોકલી આપવાનું રહેશે.

(૧૩) જિલ્લા કક્ષાએ દરેક સ્પર્ધામાં અને દરેક વિભાગમાં પ્રથમ ક્રમે આવતા પ્રત્યેકને રૂ. ૧૫,૦૦૦/-, દ્વીતીય ક્રમે આવનારને રૂ. ૧૧,૦૦૦/- અને તૃતીય ક્રમે આવનારને રૂ. ૫,૦૦૦/-નું રોકડ પારિતોષિક રાજ્ય સરકાર તરફથી આપવામાં આવશે.

(૧૪) રાજ્યકક્ષાએ પ્રાથમિક વિભાગ અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ બંનેમાં અલગ અલગ રીતે ત્રણયે સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પાંચ કૃતિ પસંદ કરવામાં આવશે. આ રીતે રાજ્યકક્ષાએ પસંદ થનાર પ્રત્યેક કૃતિને રૂ. ૨૫,૦૦૦/- નું ઇનામ રાજ્ય સરકાર તરફથી આપવામાં આવશે.

(૧૫) રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ કૃતિ પસંદ કરવાની કામગીરી જી.સી.ઇ.આર.ટી, નિયામકશ્રીના માર્ગદર્શન હેઠળ અને તેઓ દ્વારા રચવામાં આવેલ રાજ્યકક્ષાની નિર્ણાયક સમિતિ દ્વારા કરવામાં આવશે. સદર કામગીરી તા.૦૫/૦૬/૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

સદર બાબતની જાણ આપની તાબાની તમામ શાળાઓના વિદ્યાર્થીઓને થાય તે મુજબ ટેકનોલોજીના માધ્યમથી વધુમાં વધુ પ્રચાર પ્રસાર કરવા અને સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા વિનંતી છે.

| | | |
|---|---|---|
| નિયામક, | નિયામક, | નિયામક, |
| જી.સી.ઇ.આર.ટી | પ્રાથમિક શિક્ષણ | શાળાઓની કચેરી |

<u>સવિનય નકલ રવાના:-</u>

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- નિયામકશ્રી, માહિતી નિયામકની કચેરી, બ્લોક નં. ૧૯, ગાંધીનગર